# હિંમતનગરમાં ફાઈનાન્સરના ત્યાં આઈ.ટી. વિભાગના દરોડા

## મોડી રાત સુધી અધિકારીઓએ તપાસ ચલાવી
## મોટા પ્રમાણમાં કાળુ નાણું પકડાવાની શકયાતા

હિંમતનગર, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર ખાતે આવેલ પ્રતિષ્ઠિત ફાયનાન્સ પઢીમાં આઈ.ટી.ની ટીમ ત્રાટકતાં ફાયનાન્સરોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો. અને ફટાફટ પોતાની પેઢીઓ બંધ કરી રફુચકકર થઈ ગયા હતા. તપાસની કામગીરી મોડી રાત સુધી ચાલી હતી. ફાયનાન્સ પેઢીમાંથી મોટા પ્રમાણમાં કાળુ નાણુ પકડાશે. તેવી ચર્ચાઓ ચાલી રહી હતી.

હિંમતનગરના ટાવર પાસે આવેલ મહેતા ફાયનાન્સમાં હિંમતનગર અને અમદાવાદ આઈ.ટી.વિભાગના અધિકારીઓએ સંયુકત તપાસ હાથ ધરી હતી. ભર બજારમાં આવેલ ફાયનાન્સ કંપનીમાં આઈ.ટી.ના દરોડા પડતાં લોકોના ટોળા કુતુહલ વશ ભેગા થયા હતા. મહેતા ફાયનાન્સમાં આઈ.ટી.ના દરોડાની જાણ અન્ય ફાયનાન્સસરોને થતાં તેઓ ફટાફટ પોતાની ઓફિસો બંધ કરી રફુચકકર થઈ ગયા હતા. દરોડાની કાર્યવાહી મોડી રાત સુધી ચાલી હતી. જેના કારણે ફાયનાન્સરના ત્યાંથી કેટલુ કાળુ નાણુ ઝડપાયુ તેની વિગતો પ્રાપ્ત થઈ શકી નથી. પરંતુ શહેરની અગ્રણી મહેતા ફાયનાન્સમાંથી મોટા પ્રમાણમાં કાળુ નાણુ પકડાશે તેવી વાતો લોકો જોર શોરથી કરી રહયા હતા.

સાબરકાંઠા જિલ્લામાં વ્યાજ ખોરીનો વેપલો મોટા પ્રમાણમાં ફુલ્યો ફાલ્યો છે. જિલ્લાના વડા મથક હિંમતનગર સહિત જુદા-જુદા મથકો ઉપર લાયન્સ વગર ધમ ધોકાર ફાયનાન્સ પેઢીઓ ચાલી રહી હોવાનુ જગ જાહેર છે. છતાં આ દુષણને નાથવા માટે કોઈ જ કાર્યવાહી થતી નથી જે કમનસીબ બાબત છે.



(તસવીર : મગનજી વણઝારા)

# શંકરપુરા કંપાના કુવામાંથી મળેલી બે મૃતદેહનું ઘુટાતું રહસ્ય ... !

## મહિલાના શરીરના ૧૩ અને બાળકીના શરીરના ૮ ટુકડા બેરલમાં ભરી કુવામાં નાખ્યા હતા


હિંમતનગર, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લો



હત્યા,ચોરી, લુંટ જેવી વારદાતોનો સામનો કરી રહયો છે. ગમે તે કારણો સર પોલીસ આવી વારદાતોને અટકાવવામાં નાકામીયાબ સાબિત થઈ રહી છે. જિલ્લાના ભિલોડા તાલુકાના શંકરપુરા કંપાના એક કુવામાંથી મહિલા અને બાળકીની ટુકડા કરેલી લાશો મળી આવતા સમગ્ર પંથકમાં ચકાચાર મચી જવા પામી છે. અને નિર્દોશ મહિલા અને બાળકીના હત્યારોઓને સખ્ત સજા કરવા માંગ ઉઠી છે. હત્યાના બે દિવસ બાદ પણ પોલીસને હત્યારાઓ સુધી પહોંચવામાં કે કુવામાંથી મળી આવેલ મહિલા અને બાળકીની ઓળખમાં સફળતા મળી નથી.

જિલ્લાના શંકરપુરા કંપાના કુવામાં એક બેરલમાં લાશ હોવાનુ રામનગરના અશોકભાઈ પટેલને જાણ થતાં તેમને ભિલોડા પોલીસને જાણ કરતાં પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. અને તપાસ હાથ ધરી હતી. પરંતુ રાત્રે અંધકારાને લઈ સિમાડામાં કોઈ કાર્યાવહી થઈ શકે તેવા સંજોગો ન જણાતાં પોલીસે માત્ર કુવામાંથી પ્લાસ્ટીકના બેરલમાં નખાયેલ મહિલા અને બાળકીની લાશના ટુકડાને કબજે લીધા હતા. ત્યારબાદ બુધવારે બંન્ને લાશોનુ પી.એમ. કરાવી હત્યા કયાં અને કેવી રીતે કરાઈ હશે તે દિશામાં તપાસ હાથ ધરી હતી. પોલીસે હત્યાનો ભેદ ઉકેલવા જુદી જુદી ટીમો બનાવી આજુ બાજુના


(તસવીર : મગનજી વણઝારા)

વિસ્તારોમાં તપાસ હાથ ધરી છે. પરંતુ હત્યાના ત્રણ દિવસબાદ પણ પોલીસને હત્યારાઓ સુધી પહોંચવામાં સફળતા મળી નથી. કે ભોગ બનેલ મહિલા અને બાળકી કોણ છે તેનુ રહસ્ય પણ હજુ સુધી અકબંધ રહેવા પામ્યુ છે.

બનાવની જાણ થતાં એફ.એસ. એલ. ની ટીમ પણ ઘટના સ્થળે દોડી આવી લાશના વિસેરા લઈ તપાસ માટે મોકલી આપેલ છે. પોલીસની પ્રાથમિક તપાસમાં જણાવ્યા મુજબ મહિલા અને બાળકીની હત્યા પાંચ દિવસ અગાઉ કરાયાનું અને હત્યાબાદ લાશ વગે કરવા માટે ઈલેકિટ્રક કટરથી ટુકડા કર્યાનુ તારણ કાઢવામાં આવી રહયુ છે. મહિલાના હાથ ઉપર એસ.બી. લખાયેલુ હતુ. અને તેનો પહેરવેશ જોતાં તે રાજસ્થાની રબારી પરિવારાની મહિલા હોવાનુ અનુમાન લગાવાયુ છે. પોલીસ હત્યારાઓને શોધવા પુરવાઓ એકત્ર કરવામાં લાગી ગઈ છે. તે ઉપરાંત શકના આધારે ૪ ઈસમોની પુછપરછ પણ કરવામાં આવી રહી છે.

# ડીસામાં વિકલાંગ અને સ્તન કેન્સર કેમ્પ યોજાશે

તા.૧૭/૦૨/૨૦૧૩ ને રવિવાર ના રોજ સવારે ૧૦થી ૧ દરમ્યાન ભણશાલી હોસ્પિટલ ડીસા ખાતે વિના મુલ્યે વિકલાંગ નિદાન કેમ્પ અને પોલીઓ સર્જરી નિદાન અને રજીસ્ટ્રેશન ના કેમ્પનું આયોજન ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી તથા પોલીયો, ફાઉન્ડેશન અમદાવાત તેમજ ભણશાલી ટ્રસ્ટ હોસ્પીટલ, ડીસાના સંયુક્ત ઉપક્રમે સદરહું કેમ્પ રાખેલ છે.


(તસ્વીર-કાન્તિલાલ લોધા ડીસા)

જેમાં જરૂરીયાતમંદ પોલીયો ગ્રસ્ત વિકલાંગને કૃત્રિમ પગ જયપુર ફુટ / જર્મન ટેકનોલોજીથી બનાવી આપવાનું રજીસ્ટ્રેશન તથા તપાસ તેમજ જરૂરીયાત પોલીયો ગ્રસ્ત વિગલાંગને સર્જરી અંગેના નિદાન રજીસ્ટ્રેશન આ કેમ્પમાં કરવામાં આવશે જે તદ્દન ફ્રી કરી આપવામાં આવશે.ગુજરાત કેન્સર હોસ્પીટલના ડોક્ટરો દ્વારા સંપુર્ણ તપાસ કરવામાં આવશે. તેમજ જરૂરીયાત દર્દીઓના સ્તનની એકસારે તપાસ કરાશે. આ કાર્યક્રમમાં સ્ત્રી સમાજ પ્રમુખ રીટાબેન પટેલ, ઈન્ડીયન રેડ.સો.પ્રમુખ શાન્તિલાલ ઠક્કર, ડૉ.જગદીશભાઈ ઠક્કર, ડીસા તાલુકા આરોગ્ય અધીકારી આજરોજ મળેલ પત્રકાર પરિષદમાં આ કેમ્પના આયોજન વિશેની માહીતી આપી હતી.

# બનાસકાંઠા-પાટણમાં મોડી સાંજે હળવુ વરસાદી ઝાપટું

પાટણ, તા. ૧૪

ઉત્તર ભારતમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે આજે બનાસકાંઠા અને પાટણના કેટલાક વિસ્તારોમાં મોડી સાંજે અચાનક જ વાતાવરણમાં નાટકીય રીતે પલટો આવતા હળવુ વરસાદી ઝાપટુ પડ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર ઉત્તર ભારતમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે અનેક વખત વાતાવરણમાં અચાનક પલટો આવી જાય છે અને લોકોને શિયાળામાં પણ એક સાથે ત્રણ-ત્રણ ઋતુઓનો અહેસાસ થાય છે. જ્યારે આવો જ અહેસાસ ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લાના કાંકરેજ સમી, પાટણ, થરા, ડીસા, શિહોરી સહિતના વિસ્તારો લોકોને થવા પામ્યો હતો. મોડી સાંજે વાતાવરણમાં અચાનક એકાએક પલટો આવી જતા હળવુ વરસાદી ઝાપટુ પડ્યું હતું. શિયાળો વિદાય લઈ રહ્યો છે અને ઉનાળાનો આરંભ થઈ રહ્યો છે ત્યારે અચાનક જ આવા વરસાદી ઝાપટાથી ખેડૂતોના પાકોને મોટા પાયે નુકશાન થવાની શક્યતાઓ વર્તાઈ રહી છે. અને જન આરોગ્ય પર અસર થાય તેવી ભીતી સેવાઈ રહી છે.

# સાબરકાંઠા જિલ્લામાં પુરવઠા વિભાગના દરોડા

## મોડાસાની ખાનગી પેઢીનો રૂ. ૧.૭૮ લાખનો જથ્થો સીઝ કરાયો : બુઢીયા સસ્તા અનાજની દુકાનનો પરવાનો ૯૦ દિવસ માટે મોકુફ

હિંમતનગર, ૧૩

સાબરકાંઠા જિલ્લાના જુદા-જુદા મથકો ઉપર પુરવઠા વિભાગે તપાસ હાથ ધરતાં કેટલીક જગ્યાએ ગેરરીતિયો જણાતાં ઈડર તાલુકાના બુઢીયા ગામે આવેલ સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનનો પરવાનો ૯૦ દિવસ માટે મોકુફ કરવાનો હુકમ કરેલ છે. જયારે મોડાસાની એક ખાનગી પેઢીમાં તપાસ દરમિયાન જથ્થામાં વધ-ધટ જણાતાં રૂપિયા ૧,૭૮,૨૬૦ નો જથ્થો સીઝ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

જિલ્લામાં લોકોને સરળતાથી રેશનીગ સહીત જીવન જરૂરીયાતની ચીજ વસ્તુઓ સરકારના ધારા ધોરણ મુજબ મળી રહે તેમજ સંગ્રહખોરી અને કાળા બજારને ડામવા જિલ્લા પુરવઠા અધિકારી ધવલ જાની દ્વારા અસર કારક આયોજન ગોઠવવામાં આવેલ છે. તેની સાથે જુદા-જુદા મથકો ઉપર તપાસ કામગીરી પણ હાથ ધરવામાં આવી રહી છે. જેમાં તપાસ દરમિયાન મોડાસા ખાતે આવેલ ગૌતમ ટ્રેડીગ કંપનીમાં તેલ,ખાંડ, ચોખા અને દાળના જથ્થામાં વધ-ઘટ જણાતાં જિલ્લા પુરવઠા અધિકારી ધવલ જાની અને પુરવઠા નિરીક્ષક આર.એમ. ચાવડાએ રૂ.૧,૭૮,૨૬૦/નો જથ્થો સીઝ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. તે ઉપરાંત બુઢીયા ગામે આવેલ આર. એસ. પટેલ સંચાલિત સરકાર માન્ય વ્યાજબી ભાવની દુકાનમાં તપાસણી દરમિયાન જથ્થામાં વધ ઘટ તેમજ રેકર્ડ નિભાવેલ ન હોવાનું જણાતા ૯૦ દિવસ માટે પરવાનો મોકૂફ રાખવાનો હુકમ કરતા ગેરરીતી આચરતા દુકાનદારોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

# સુચિત અરવલ્લી જિલ્લો અને પુનઃરચિત સાબરકાંઠા જિલ્લા સંબંધે પ્રજાજનો રજૂઆત કરશે

હિંમતનગર, તા. ૧૪

ગુજરાત સરકાર તરફથી નવા જિલ્લા તથા તાલુકાઓની રચના કરવા બાબતે લેવાયેલ સૈધ્ધાંતિક નિર્ણય અનુસાર, સાબરકાંઠા જિલ્લાનું વિભાજન કરી અલગ અરવલ્લી જિલ્લો બનાવવાનો થાય છે તેમજ ખેડબ્રહ્મા તાલુકાનાં વિભાજન કરી પોશીના તાલુકો બનનાર છે. આ સુચિત પુનઃરચિત જિલ્લા-તાલુકાની વિગતો નીચે મુજબ છે.

(૧) સુચિત અરવલ્લી જિલ્લામાં સમાવેશ કરવામાં આવનાર તાલુકાનાં નામો : (૧) ખેડબ્રહ્મા (૨) ભિલોડા (૩) વડાલી (૪) વિજયનગર (૫) સુચિત પોશીના

(૨) પુનઃરચિત સાબરકાંઠા જિલ્લામાં સમાવેશ કરવામાં આવનાર તાલુકાઓના નામો : (૧) હિંમતનગર (૨) બાયડ (૩) ધનસુરા (૪) માલપુર (૫) મેઘરજ (૬) મોડાસા (૭) પ્રાંતિજ (૮) તલોદ (૯) ઈડર.

સરકારશ્રીના ઉક્ત સૈધ્ધાંતિક નિર્ણય સંબંધે સાબરકાંઠા જિલ્લાની ગામ/તાલુકાની જાહેર જનતા રજૂઆતો કરવા માંગતી હોય, તે માટે લેખિત રજુઆતો સંબંધિત નાયબ કલેકટર (પ્રાંત અધિકારી) ને દિન-૩૦માં લેખિત સ્વરૂપે મોકલી શકાશે તેમ સાબરકાંઠા જિલ્લાં કલેકટર શાહમીના હુસેનની યાદીમાં જણાવાયું છે.

# ભિલડી મુકામે મોબાઈલની બે દુકાનમાં દરોડો

## બે દુકાનદારની મુદ્દામાલ સાથે અટકાયત

ડીસા તાલુકાના ભિલડી મુકામે આવેલ બે મોબાઈલની દુકાનમાં સંચાલક દ્વારા ગેરકાયદેસર રીતે એક કંપનીના સોફટવેર સહીતની અન્ય ચીજવસ્તુઓ ડાઉન લોડ કરતા પોલીસે દુકાન ઉપર દરોડો પાડયો હતો. પોલીસે બે દુકાનદાર સાથે હજારોની કંપનીનો મુદ્દામાલ જપ્ત કરી બંને વિરૂધ્ધ કોપી રાઈટ એકટનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પાટણની કોમર્સ કોલેજમાં રેડરીબીન ક્લબ દ્વારા એઈડ્સ જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

પાટણ, તા. ૧૪

પાટણની ટી.એસ.આર. કોમર્સ કોલેજ ખાતે તાજેતરમાં રેડ રીબીન ક્લબ દ્વારા એઈડ્સ અંગે જન જાગૃતિ માટેનો એક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં એઈડ્સ નિષ્ણાંતો દ્વારા વિવિધ માહિતી અને માર્ગદર્શન વિદ્યાર્થીઓને આપવામાં આવ્યું હતું.

રેડ રીબીન ક્લબ આયોજીત આ માર્ગદર્શન કાર્યક્રમમાં હેમાબેન મજમુદાર અને મનીષાબેન ઠક્કરે એઈડ્સ સામે કઈ કઈ સલામતી-સાવધાની રાખવી તેમજ તેની સામે સાવચેતીના પગલા રૂપે કયા કયા ઉપાય છે તેની વિદ્યાર્થીઓને સુંદર અને સચોટ માહિતી અને માર્ગદર્શન આપ્યું હતું જ્યારે કોલેજના આચાર્ય ડૉ. ભાસ્કર શુકલે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું.

# મહેસાણા-રાધનપુર માર્ગ પર મોડી રાત્રે બાઈક પર આવેલ ત્રણ ઈસમોએ વેપારીને લૂંટ્યો

## ૭૦ હજાર રોકડા અને ૫ હજારનો મોબાઈલ લઈ પલાયન

મહેસાણા, તા. ૧૪

મહેસાણા શહેરના રાધનપુર રોડ પર રાત્રિના સમયે મોટરસાયકલ પર ઘરે જઈ રહેલ એક વેપારીને બાઈક પર આવેલ ત્રણ અજાણ્યા ઈસમોએ રૂપિયા ૭૦ હજારથી રોકડ રકમ તથા પાંચ હજારની કિંમતના મોબાઈલ મળી કુલ ૭૫ હજારની મત્તાની બેગની લૂંટ ચલાવીને ક્યાંક નાસી છૂટ્યા હોવાનો ચોંકાવનારો બનાવ બનતાં વેપારીઆલમમાં ભયની લાગણી ફેલાઈ છે.

વિગત એવી છે કે, મહેસાણા ખાતે રાધનપુર રોડ પર આવેલ પુષ્પાવતી સોસાયટીમાં રહેતા અને મોબાઈલની દૂકાન ધરાવતા વિષ્ણુભાઈ આર. પટેલ રાતના પોણા દસ વાગ્યાના સુમારે બાઈક પર ઘરે જઈ રહ્યા હતા ત્યારે માર્ગમાં તેમની સોસાયટી નજીકની અચાનક બાઈક પર સવાર ત્રણ અજાણ્યા ઈસમોએ વેપારીના બાઈકને ઓવરટેક કરી વેપારીના બાઈક પર રહેલ રૂપિયા ૭૫ હજારની કિંમતની મત્તા ભરેલ બેગ આંચકી લીધી હતી. બાદ લૂંટારૂઓ તુરત નાસવા જતાં તેઓનું બાઈક સ્લીપ થઈ ગયું હતું. જેથી લૂંટારૂઓ જીજે-૧-એફ-૭૫૧ નંબરનું બાઈક છોડીને ક્યાંક નાસી ગયા હતા.

આ ગંભીર બનાવ અંગે મહેસાણા બી. ડીવીઝન પોલીસે કાયદેસર ગુનો નોંધી બાઈક કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# હિંમતનગરની પ્રક્ષાકુંજ સોસાયટીના બંધ મકાનમાં ૭૩ હજારની ચોરી

હિંમતનગર, તા. ૧૪

હિંમતનગરના ગાયત્રી મંદિર રોડ પર આવેલ પાટીદાર બંગ્લોઝ પ્રક્ષાકુંજ સોસાયટીના બંધ મકાનમાં ભર બપોરે કેટલાક ચોર ઈસમો રૂ. ૭૩,૯૦૦ની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ ચોરી અંગે હિંમતનગર ટાઉન પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર હિંમતનગર શહેરના ગાયત્રી મંદિર માર્ગ પર આવેલ પાટીદાર બંગ્લોઝ પ્રક્ષાકુંજ સોસાયટી આવેલ કલ્પેશકુમાર માભીલાલ પટેલના બંધ મકાનના આગળના મેઈન દરવાજાનો ભર બપોરે નકુચો તોડી કેટલાક ચોર ઈસમોએ અંદર પ્રવેશ કર્યો હતો અને અંદર પટેલ તિજોરી ખોલી તેમાં પડેલ સોના-ચાંદીના દાગીના અને મોબાઈલ મળી કુલ રૂ. ૭૩,૯૦૦ નો મુદ્દામાલની ઉઠાંતરી કરી પલાયન થઈ ગયા હતા. આ ચોરી અંગે મકાન માલિકનો જાણ થતા તેઓએ તાત્કાલિક પોલીસમથકે જાણ કરતા પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અધતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એકવાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અધતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી
રવિવારે શો રૂમ
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮